©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] WEDNESDAY, 05th AUGUST, 2026/SRAVANA 14, 1948 [No. 6058

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

સીટી પ્લાનીંગ ખાતુ

ત્રીજો માળ, બી-બ્લોક, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧

અધિસુચના

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૭(હાથીજણ)(પ્રથમ ફેરફાર)ની દરખાસ્ત તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા બાબત.

ક્રમાંક : ટી.પી.એસ./જનરલ/૩૨૮૬.–સને-૧૯૭૬ના ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવ. એકટની કલમ-૭૧ અન્વયે, સદર કાયદાની કલમ ૨૩(૧)(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં.૬, તા. ૧૦-૦૭-૨૦૨૬ તથા મ્યુનિસિપલ જનરલ બોર્ડ ઠરાવ નં.૧૫૩, તા.૨૮-૦૭-૨૦૨૬ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૭૭(હાથીજણ)(પ્રથમ ફેરફાર) તૈયાર કરવાનો ઈરાદો સદર કાયદાની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કર્યો છે. જેમાં સદરહુ નગર રચના યોજનામાં અ.મ્યુ.કો.ને ટી.પી. રાહે સંપ્રાપ્ત થયેલ અંતિમખંડ નં.૪૩, ૪૪, ૪૬, ૫૨, ૫૭, ૬૧, ૬૨ તથા ૬૩ તથા સરકારી (ગૌચર)ની માલિકીના અંતિમખંડ નં.૩૪ નો સમાવેશ થાય છે.

આ સમગ્ર બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટા.પ્લા. એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી તથા મ્યુનિસિપલ જનરલ બોર્ડ દ્વારા કરવામાં આવેલ ઠરાવની વિગત નીચે મુજબ છે.

ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નંબર.૬, તા.૧૦-૦૭-૨૦૨૬

ઠરાવ કર્યો કે મ્યુ.કમિ.શ્રીના પત્ર ટી.પી.એસ./જનરલ/૩૨૮૬, તા. ૧૧-૦૬-૨૦૨૬ની સઘળી હકીકતથી વિદિત થઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૭(હાથીજણ)(પ્રથમ ફેરફાર)ની દરખાસ્ત તૈયાર કરવા માટેનો ઈરાદો ધી ગુ.ટા.પ્લા. એન્ડ અર્બન ડેવ.એક્ટ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરી, ઈરાદો પ્રસિધ્ધ કરવા તથા અધિનિયમના રૂલ્સ નં.૧૭ હેઠળ ઓનર્સ મીટીંગ યોજવા તથા અધિનિયમની કલમ-૪૨(૧) હેઠળ પ્રસિધ્ધ કરવા તથા પ્રસિધ્ધી અન્વયે મળેલ વાંધા સુચનો અન્વયે નિર્ણય લઈ, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તને અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા સુધીની તમામ સત્તા મ્યુ.કમિશનરશ્રીને સોંપવાની મંજુરી આપવા મ્યુ.કોર્પો.ને ભલામણ કરવામાં આવે છે.

મ્યુનિસિપલ જનરલ બોર્ડ ઠરાવ નં.૧૫૩, તા.૨૮-૦૭-૨૦૨૬

ઠરાવ કર્યો કે ટા.પ્લા. એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં.૬, તા. ૧૦-૦૭-૨૦૨૬ ની ભલામણ અનુસાર મંજુરી આપવામાં આવે છે.

સદરહુ યોજનામાં સમાવિષ્ટ થતા અંતિમખંડ તથા સંલગ્ન રસ્તાની હદ દર્શાવતા નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સીટી પ્લાનીંગ ખાતુ, ત્રીજો માળ, બ્લોક બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ ખાતે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સહી/- અવાચ્ય
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
સીટી પ્લાનીંગ ખાતુ
ત્રીજો માળ, બી-બ્લોક, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧
અધિસુચના

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૧૪(થલતેજ)(પ્રથમ ફેરફાર)ની દરખાસ્ત તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા બાબત.

ક્રમાંક : ટી.પી.એસ./જનરલ/૩૨૯૯.–સને-૧૯૭૬ ના ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવ. એકટની કલમ-૭૧ અન્વયે, સદર કાયદાની કલમ-૨૩(૧)(૨) હેઠળ મળેલી સત્તાની રૂએ ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નં.૮, તા. ૧૦-૦૭-૨૦૨૬ અને મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય માસિક સભાના ઠરાવ નં.૧૫૫, તા. ૨૮-૦૭-૨૦૨૬ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૧૪(થલતેજ)(પ્રથમ ફેરફાર) તૈયાર કરવાનો ઈરાદો સદર કાયદાની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કર્યો છે. જેમાં સદરહુ નગર રચના યોજનાના અંતિમખંડ નં.૭, ૮, ૮૪/૧ તથા અ.મ્યુ. કો.ને ટી.પી. રાહે સંપ્રાપ્ત થનાર અંતિમખંડ નં.૯૯(વાણિજ્યના વેચાણ માટે), ૯૦ (આનંદ પ્રમોદના હેતુ માટે(બગીચો)) તથા તેને સંલગ્ન ૧૮.૦ મીટર ટી.પી. રસ્તાનો સમાવેશ થાય છે.

આ સમગ્ર બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટા.પ્લા. એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી તથા સામાન્ય માસિક સભા દ્વારા કરવામાં આવેલ ઠરાવની વિગત નીચે મુજબ છે.

ટાઉન પ્લાનીંગ એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નંબર.૮, તા.૧૦-૦૭-૨૦૨૬

ઠરાવ કર્યો કે મ્યુ.કમિ.શ્રીના પત્ર ન.ટી.પી.એસ./જનરલ/૩૨૯૯, તા. ૨૨-૦૬-૨૦૨૬ ની સઘળી હકીકતથી વિદિત થઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૧૪(થલતેજ)(પ્રથમ ફેરફાર)ની દરખાસ્ત તૈયાર કરવા માટેનો ઈરાદો ધી ગુ.ટા.પ્લા. એન્ડ અર્બન ડેવ.એક્ટ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરી, ઈરાદો પ્રસિધ્ધ કરવા તથા અધિનિયમના રૂલ્સ નં.૧૭ હેઠળ ઓનર્સ મીટીંગ યોજવા તથા અધિનિયમની કલમ-૪૨(૧) હેઠળ પ્રસિધ્ધ કરવા તથા પ્રસિધ્ધી અન્વયે મળેલ વાંધા સુચનો અન્વયે નિર્ણય લઈ, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તને અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા સુધીની તમામ સત્તા મ્યુનિ.કમિશનરશ્રીને સોંપવાની મંજુરી આપવા મ્યુ.કોર્પો.ને ભલામણ કરવામાં આવે છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય માસિક સભાના ઠરાવ નં.૧૫૫, તા.૨૮-૦૭-૨૦૨૬

ઠરાવ કર્યો કે ટા.પ્લા. એન્ડ એસ્ટેટ મેનેજમેન્ટ કમિટી ઠરાવ નંબર.૮, તા.૧૦-૦૭-૨૦૨૬ ની ભલામણ અનુસાર મંજુરી આપવામાં આવે છે.

સદરહુ યોજનામાં સમાવિષ્ટ થતા અંતિમખંડ તથા સંલગ્ન રસ્તાની હદ દર્શાવતા નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સીટી પ્લાનીંગ ખાતુ, ત્રીજો માળ, બ્લોક બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ ખાતે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

સહી/- અવાચ્ય
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.06 15:48:39 IST